**VASHISHTHA GENESIS SCHOOL, BARDOLI**

(Academic Session: 2025-26)

**Date: ________ Class: Div: Roll No: ______ Sub: 2LGujarati**

**Name: ________________________________________ Worksheet: CH-1,2,3 Q-Ans**

## નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો:

i. **કવિને પ્રભુ પાસેથી શું નથી જોઈતું?**

જવાબ-કવિને પ્રભુ પાસથી ધન-વૈભવ નથી જોઈતા.

ii. **કવિ કેવું મનોબળ માંગે છે ?**

જવાબ -કવિ પ્રભુ પાસે એવું મનોબળ માંગે છે કે જેથી ઊંચા-નીચામાં ભેદ ન લાગે અને સૌ સમાન લાગે.

iii. **કવિ જીવનને કેવું બનાવવા માંગે છે ?**

જવાબ-કવિ જીવનને સફળ બનાવવા માંગે છે.

iv. **કવિ બધાને કેવી રીતે ચાહે છે ?**

જવાબ-કવિ બધાને સમાન રીતે ચાહે છે.

v. **પશુ-પક્ષી અને લોકો વ્યાકુળ કેમ હતા ?**

જવાબ-નગરમાં બે-ત્રણ વર્ષથી દુકાળ પડયો હતો. ઝાડ-પાન સુકાઈ ગયા હતા. જમીનમાં તિરાડો પડી ગઈ હતી. પાણીનું ટીપું પણ મળતું ન હતું. તેથી પશુ-પક્ષી અને લોકો વ્યાકુળ હતા.

vi. **નગરવાસીઓની સ્થિતિ જોઈને ભગવાન બુદ્ધે શું કર્યું?**

જવાબ-ભગવાન બુદ્ધે પોતાના ભક્તોને નગરના ધનવાનોને બોલાવવા કહ્યું. જેથી તેઓ ગરીબ નગરજનોની મદદ કરી શકે.

vii. **દરેક જણાને અનાજ પહોંચાડવાનું કામ કરવાની જવાબદારી કોણે ઉપાડી?**

જવાબ-દરેક જણાને અનાજ પહોંચાડવાની જવાબદારી ભગવાન બુદ્ધના પ્રિય શિષ્ય અનાથપિંડદની પુત્રી સુપ્રિયાએ ઉપાડી.

viii. **ભગવાન બુદ્ધે સુપ્રિયાને કેવા આશીર્વાદ આપ્યા?**

જવાબ-ભગવાન બુદ્ધે સુપ્રિયાને તેનો નિશ્ચય પાર પડશે તેવા આશીર્વાદ આપ્યા.

ix. **ભગવાન બુદ્ધે ધનવાન લોકોને કયો પ્રશ્ન પૂછ્યો ?**

જવાબ-ભગવાન બુદ્ધે ધનવાન લોકોને પૂછ્યું કે, "તમારામાંથી કોણ કોણ ભૂખ્યા લોકોને અનાજ આપવા તૈયાર છે ?" રત્નાકર શેઠે બુદ્ધને શું જવાબ આપ્યો?

x. **રત્નાકર શેઠે બુદ્ધને શું જવાબ આપ્યો?**

જવાબ- રત્નાકર શેઠે ભગવાન બુદ્ધને કહ્યું કે "આટલા બધા માણસોને અનાજ પહોંચાડવાની શક્તિ મારામાં નથી."

xi. **સુપ્રિયા કોણ હતી? એણે ભગવાન બુદ્ધને શું કહ્યું?**

જવાબ-સુપ્રિયા ભગવાન બુદ્ધના પ્રિય શિષ્ય અનાથપિંડદ ની પુત્રી હતી. તેણે ભગવાન બુદ્ધને કહ્યું કે—'આ તુચ્છ સેવિકા આપની આજ્ઞાનું પાલન કરશે. દુકાળ પીડિતો માટે અનાજ પહોંચાડવાની જવાબદારી હું લઉં છું.'

xii. **સુપ્રિયાની વાત સાંભળી ધનવાન લોકોએ શું કહ્યું?**

જવાબ-સુપ્રિયાની વાત સાંભળી ધનવાનોમાંથી કેટલાંક ગુસ્સે થયા, કેટલાંકને તે ગાંડી લાગી, કોઈકે મશ્કરી કરી વળી કોઈએ કહ્યું કે, "તારા ઘરમાં અનાજના ફાંફાં છે અને આટલી મોટી જવાબદારી લે છે. શું તારા ઘરમાં અનાજના ભંડાર ભરેલા છે.

xiii. **વાઘનો ખજાનો વાર્તામાં કયા-કયા પાત્રો છે ?**

જવાબ-આ વાર્તામાં બ્રાહ્મણ, તેની પત્ની માનવ પાત્રો છે અને વાઘ અને શિયાળ વગેરે પ્રાણી પાત્રો છે.

xiv. **વાઘ ક્યાં ફસાયો હતો ?**

જવાબ-વાઘ એક પીંજરામાં ફસાયો હતો.

xv. **બ્રાહ્મણે વાઘની વાતને શું સમર્થન આપ્યું?**

જવાબ-બ્રાહ્મણે વાઘના પીંજરાને ખોલવાનું સમર્થન આપ્યું હતું.

xvi. **શું વાઘ પોતાની વાત પર વફાદાર રહ્યો ?**

જવાબ-ના વાઘ પોતાની વાત પર વફાદાર ન રહ્યો.

xvii. **બ્રાહ્મણ કયા ગામમાં રહેતો હતો ?**

જવાબ -બ્રાહ્મણ મગનપુર નામના ગામમાં રહેતો હતો.

xviii. **બ્રાહ્મણ પોતાના પરિવારનું ભરણ-પોષણ કઈ રીતે કરતો હતો ?**

જવાબ-બ્રાહ્મણ પોતાના પરિવારનું ભરણપોષણ ભિક્ષા માંગીને કરતો હતો.

xix. **દરિદ્રતાથી કંટાળીને બ્રાહ્મણે છેવટે શો નિર્ણય કર્યો?**

જવાબ-દરીદ્રતાથી કંટાળીને બ્રાહ્મણે બાજુના ગામમાં જઈને કામ કરવાનું નક્કી કર્યું.

xx. **બ્રાહ્મણ પોતાના પરિવારનું ભરણ-પોષણ કઈ રીતે કરતો હતો ?**

જવાબ-બ્રાહ્મણ પોતાના પરિવારનું ભરણપોષણ ભિક્ષા માંગીને કરતો હતો.

xxi. **દરિદ્રતાથી કંટાળીને બ્રાહ્મણે છેવટે શો નિર્ણય કર્યો?**

જવાબ-દરીદ્રતાથી કંટાળીને બ્રાહ્મણે બાજુના ગામમાં જઈને કામ કરવાનું નક્કી કર્યું.